# આખિરત પર ઈમાન

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ تَبَٰرَكَ ٱلَّذِى بِيَدِهِ ٱلْمُلْكُ وَهُوَ عَلَىٰ كُلِّ شَىْءٍ قَدِيرٌ ﴿١﴾ ٱلَّذِى خَلَقَ ٱلْمَوْتَ وَٱلْحَيَوٰةَ لِيَبْلُوَكُمْ أَيُّكُمْ أَحْسَنُ عَمَلًا ۚ وَهُوَ ٱلْعَزِيزُ ٱلْغَفُورُ ﴿٢﴾ ﴾ الملك: ١ - ٢

અનુવાદ : ''ખૂબ બરકતવાળી હસ્તી છે એ અલ્લાહ, જેના હાથમાં બાદશાહી છે અને જે દરેક વસ્તુનું સામર્થ્ય ધરાવે છે, જેણે મૃત્યુ અને જીવનનું સર્જન એટલા માટે કર્યું કે તમારી પરીક્ષા કરે કે તમારા પૈકી સારા કાર્યો કોણ કરે છે, અને તે પ્રભુત્વશાળી અને માફ કરવાવાળો છે.'' (સૂરઃ મુલ્ક, આ.૧-૨)

આખિરત પર ઈમાન એક મુસ્લિમની આસ્થાનું અનિવાર્ય અંગ છે. તેનો ઈન્કાર કરવાવાળો ઈમાનવાળો નથી રહી શકતો. અલ્લાહ તઆલાએ માર્ગદર્શન-પ્રાપ્ત અને સફળતા પામવાળાઓ માટે એક અનિવાર્ય શરત એ રાખી છે કે તેઓ આખિરત પર ઈમાન રાખતા હોય. અલ્લાહ ફરમાવ્યું : ﴿ وَبِٱلْءَاخِرَةِ هُمْ يُوقِنُونَ ﴿٤﴾ ﴾ البقرة: ٤ (અને આખિરત પર ઈમાન રાખે છે. — સૂરઃ બકરહ, આ.૪) આખિરત પર ઈમાનનો અર્થ એ છે કે આ દુનિયા એક દિવસ અલ્લાહની આજ્ઞાથી સમાપ્ત થઈ જશે. તમામ મનુષ્યો મરી જશે અને અલ્લાહની આજ્ઞાથી બધા જ ફરીથી જીવતા થશે, પછી અલ્લાહ સમક્ષ હાજર થઈને પોત-પોતાના કાર્યોનો હિસાબ આપશે. જેમણે આ દુનિયાના જીવનમાં પોતાના એક માત્ર માલિક, સર્જનહાર સર્વસત્તાધીશ અને સ્વામી, અર્થાત્ અલ્લાહ તઆલાના આદેશો અનુસાર જીવન વીતાવ્યું હશે તેમનાથી તે ખુશ થશે અને પોતાની દયાથી તેમને જન્નત પ્રદાન કરશે, જ્યાં દરેક પ્રકારની ને'મતો (કૃપાઓ) ઉપલબ્ધ હશે, અને જે લોકોએ તેની મરજી વિરુદ્ધ જીવન વીતાવ્યું હશે, તેમનાથી નારાજ થશે અને તેમને સજા આપશે. તેમનું ઠેકાણું જહન્નમ (નર્ક) હશે, જેમાં અલ્લાહના આ અવજ્ઞાકારીઓને પીડાદાયક યાતનામાં નાખવામાં આવશે. આ એ વાસ્તવિકતા છે, જેને કુર્આન 'ગૈબ' (પરોક્ષ, અદૃશ્ય) કહે છે. આ વાસ્તવિકતાનો આ દુનિયામાં સભાન અનુભવ કરવો અસંભવ છે, તેથી તથાકથિત બુદ્ધિજીવીઓ તેનો ઈન્કાર કરે છે, જો કે બૌદ્ધિક અને તાર્કિક રીતે આખિરત પર ઈમાન અત્યંત અનિવાર્ય અને આવશ્યક છે. શું એ વાત બુદ્ધિમાં આવે એવી છે કે અધિકારો તો આપવામાં આવે અને તેનો હિસાબ-કિતાબ ન થાય ? શું એ કોઈ માની શકે છે કે એક વ્યક્તિ જીવનભર સદ્કાર્યો કરે, ભલાઈના કાર્યો કરે, માનવતા માટે પોતાનું જીવન ખપાવી રહ્યો હોય, અને તેને તેનો સારો બદલો આપવામાં ન આવે ? એ જ પ્રમાણે એક વ્યક્તિ જીવનભર ખોટા કાર્યો કરે, લોકોના હક્કોનું હનન કરે, લોકો પર અત્યાચાર કરતો રહે તેમજ બૂરાઈ અને બગાડથી આખી દુનિયાને ભરી દે અને ક્યારેય તેની પૂછપરછ કરવામાં ન આવે ? આખિરતનો એકરાર બુદ્ધિહીનતા અને નાસમજી નથી, બલ્કે તેનો ઈન્કાર સરાસર બુદ્ધિહીનતા અને મૂર્ખતા છે. આજે વિજ્ઞાન પોતાના પોતાના પ્રયાસોથી ચાલીને આખિરતની સ્વીકૃતિના દ્વારે ઊભું છે. જો માનવી એક

www.uzairfalahi.com

કોષ (Cell)થી એક બીજો માનવી બનાવી શકે છે, તો જેણે અનસ્તિત્વથી અસ્તિત્વનું સર્જન કર્યું, શું તે ફરીથી જીવંત કરવા માટે સમર્થ નથી ? જો આજની જાસૂસી વ્યવસ્થાથી ગુપ્ત હકીકતોની જાણકારી મેળવી શકાય છે, તો આ સૃષ્ટિના માલિક માટે એ કવી રીતે અસંભવ છે કે તે હિસાબ-કિતાબના દિવસે બધાનું કર્યું-કરાવ્યું લોકોના સામે મૂકી દે ? ખરો મામલો એ નથી કે આખિરતનો મામલો બુદ્ધિમાં આવવાવાળો નથી, બલ્કે ખરો મામલો એ છે કે માનવી નિરંકૂશ અને સ્વચ્છંદી જીવન ઇચ્છે છે. તે ઇચ્છે છે કે તેની બેકાબૂ મનેચ્છાઓની પૂર્તિના માર્ગોમાં કોઈ અવરોધ ઊભો ન થાય. તેથી કુર્આન-મજીદ કહે છે :

﴿أَيَحْسَبُ ٱلْإِنسَٰنُ أَلَّن نَّجْمَعَ عِظَامَهُۥ ﴿٣﴾ بَلَىٰ قَٰدِرِينَ عَلَىٰٓ أَن نُّسَوِّىَ بَنَانَهُۥ ﴿٤﴾ بَلْ يُرِيدُ ٱلْإِنسَٰنُ لِيَفْجُرَ أَمَامَهُۥ ﴿٥﴾
يَسْـَٔلُ أَيَّانَ يَوْمُ ٱلْقِيَٰمَةِ ﴿٦﴾﴾ القيامة: ٣ - ٦

અનુવાદ : ''શું માનવી એમ સમજી રહ્યો છે કે અમે તેના હાડકાઓને એકત્ર નહીં કરી શકીએ ? કેમ નહીં ? અમે તો તેની આંગળીઓના ટેરવા સુદ્ધાં બરાબર બનાવી દેવા માટે સમર્થ છીએ. પરંતુ માનવી ઇચ્છે છે કે આગળ પણ દુષ્કૃત્યો આચરતો રહે. પૂછે છે : છેવટે ક્યારે આવશે એ કયામતનો દિવસ ?''

(સૂરઃ કિયામા, આ.૩-૬)

આખિરત પર ઈમાન માનવીને જવાબદાર બનાવે છે. તેનામાં ઉત્તરદાયિત્વની ભાવના ઉત્પન્ન કરે છે. નેકી પર ઉભારે છે અને બૂરાઈથી રોકે છે. માનવી અને તેની શક્તિઓના દુરુપયોગ પર લગામ મૂકે છે. વધુમાં, મહાન ઉદ્દેશ્ય માટે નિરંતર સંઘર્ષ માટે પ્રેરિત કરે છે. આખિરતની શ્રદ્ધા દુનિયામાં શાંતિ અને સલામતીની બાંહેધરી આપે છે તથા બૂરાઈ અને બગાડની સમાપ્તિનું એલાન છે. આ બૂરાઈ અને બગાડ ચાહે વ્યક્તિગત સ્તરે હોય કે સામાજિક અને રાષ્ટ્રીય સ્તરે હોય, આખિરત પર વિશ્વાસ રાખવાવાળો વ્યક્તિ હંમેશા એક મહાનતમ્ હસ્તી દ્વારા પૂછપરછની ભાવના રાખીને આ દુનિયામાં જીવન વીતાવે છે. આખિરતની શ્રદ્ધા પર ઈમાનથી આ દુનિયા અર્થસભર અને હેતુપૂર્ણ બની જાય છે. આ વ્યવસ્થિત અને નિયમબદ્ધ સૃષ્ટિ તેના માટે નિરર્થક અને નિરુદ્દેશ્ય મોજશોખની જગ્યા નથી રહેતી, બલ્કે વાસ્તવિક માલિકની પ્રસન્નતાની પ્રાપ્તિ માટેનું એક વિશાળ મેદાન બની જાય છે, જેમાં પ્રત્યેક વ્યક્તિ બીજાઓના હક્કોની રક્ષા કરે છે અને માનવ-જાતની સેવા માટે પ્રતિબદ્ધ હોય છે, અને ઇચ્છે છે કે આ મામલામાં બીજાઓથી આગળ નીકળી જાય, જેથી તેનો માલિક આખિરતમાં તેનાથી રાજી અને ખુશ થઈ જાય. કુર્આન અને સુન્નતમાં આખિરતના વિભિન્ન તબક્કાઓ અને સ્થિતિઓનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના પર એક મોમિનની પૂર્ણ વિશ્વાસ હોય છે. આ હકીકતો આપણા દૈનિક અનુભવથી બહારની છે, તેથી તેની વાસ્તવિક સ્થિતિ આપણે સમજી શકતા નથી, એટલા માટે આપણે તેને એ જ રીતે માની લેવી જોઈએ, જે રીતે કુર્આન અને સુન્નતમાં વર્ણવવામાં આવેલ છે.

www.uzairfalahi.com